જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૮/૨૦૨૨ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૩૭૦/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫ | ૪,૧૭,૪૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૫૭ લીટર દેશી દારૂ, ૧૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન અને ૧ ટ્રાવેલ્સ બસ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૩/૨૦૨૨**

**રામોલઃ** ન્યુ મણીનગર રામોલ ખાતે રહેતી ૩૨ વર્ષની યુવતીએ તા,૦૧/૦૮/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે યુવતી ડીઝાઈનરનુ કામ કરતી હોઈ ઓનલાઈન બમ્બલ એપ્લીકેશનમાં અર્જુન મોટવાણી નામની વ્યક્તિ સાથે વર્ષ ૨૦૨૧ માં સંપર્ક થતા, તેઓએ યુવતી સાથે મિત્રતા કેળવી લગ્ન કરવાની વાત કરી સંપર્કમાં રહી આ યુવતીને વિશ્વાસમાં લઈ યુવતીને ફોસલાવી કુલ રૂપિયા ૪૭,૫૦,૦૦૦/- મેળવી લઈ સંપર્ક કરવાનુ બંધ કરી રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી.સી.આર.રાણા ચલાવે છે.

**હોટલમાંથી મૃત મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૪/૨૦૨૨**

**કાલુપુરઃ** રિલિફરોડ રાજવંશ હોટલ રૂમ નંબર-૪૦૧ ખાતે રોકાયેલ રીતેશ રાજેન્દ્ર સોની (ઉ.વ.૪૫) (રહે. હિરાપન્ના-૨ પારીક પાર્ક પાસે, જલગાવ મહારાષ્ટ્ર) તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ રાજવંશ હોટલ રૂમ નંબર-૪૦૧ ખાતે બેભાન જેવી હાલતમાં મળી આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નીલેશભાઇ રવજીભાઇ ચલાવે છે.

**પહેલા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૫/૨૦૨૨**

**ગોમતીપુરઃ** ગોમતીપુર સરસપુર રાયપુર મીલ ચાર રસ્તા પાસે નારાયણ એસ્ટેટ ખાતે એમ્રોડરીનુ કામ કરતા અને ત્યા જ રહેતા પવનકુમાર ગુલાબભાઈ યાદવ (ઉ.વ.૨૩) (રહે.પઈસા તા.બરની જી.ગોરખપુર ઉતરપ્રદેશ) તા.૩૧/૦૭/૨૦૨૨ રાતના ૧૧/30 વાગ્યાના સુમારે એસ્ટેટ ખાતે પહેલા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૮/૨૦૨૨ કલાક 3/00 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૬/૨૦૨૨**

**ચાંદખેડાઃ** પુર્વાગ સ/ઓ ધિમંતભાઈ પટેલ (ઉ.વ.૨૬) (રહે. નિલકંઠ બંગ્લોઝ સ્વાગત-૩ પાછળ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૨ સાંજના ૫/૧૫ થી ૭/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે સીડી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રણવિરસિહ હાથીસિહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** મમતા કલ્પેશ વાલેકર (રહે. અબ્દુલ હમીદ એપાર્ટમેન્ટ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૨૦૨૨ બપોરના ૧/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી